અપીલ અરજી નં.૩૮૯ તા.૭–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી દિનેશભાઈ સી. ઠકકર
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશભાઈ સી. ઠકકરની તા.૧૨–૨–૧૧ની અરજીથી અઠવાઝોનમાં નોંધાયેલી દુકાનોના ગુમાસ્તાધારા અને વ્યવસાય વેરા નોંધણી પ્રમાણપત્ર ની નકલો(એ) ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર નં.(૧)**SWZ/**/એસ/અલથાણ/૨૭૪ , (૨)**SWZ/**/એસ/અલથાણ/૩૩૧,(૩) **SWZ/**/એસ/અલથાણ/ ૬૦૩૦૩૫,(૪) **SWZ/**/એસ/ અલથાણ/૬૦૫૪૪૨, (બી) વ્યવસાય વેરા નોંધણી પ્રમાણપત્ર નંબર (૧) PECO 3 SW -12672 (૨) PECO 3 SW-12363 (૩) PECO 3 SW - 02050 (૪) PECO 3 SW-02049 આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૭–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૯/૨૦૧૦–૧૧.

શ્રી દિનેશભાઈ સી. ઠકકરની તા.૧૨–૨–૧૧ની અરજીથી અઠવાઝોનમાં નોંધાયેલી દુકાનોના ગુમાસ્તાધારા અને વ્યવસાય વેરા નોંધણી પ્રમાણપત્રની નકલો (એ) ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર નં.(૧) **SWZ/**/એસ/અલથાણ/૨૭૪,(૨)**SWZ/**/એસ/અલથાણ/૩૩૧, (૩) **SWZ/**/ એસ /અલથાણ/૬૦૩૦૩૫, (૪) **SWZ/**/એસ/અલથાણ/૬૦૫૪૪૨, (બી) વ્યવસાય વેરા નોંધણી પ્રમાણપત્ર નંબર (૧) PECO 3 SW-12672 (૨) PECO 3 SW-12363 (૩) PECO 3 SW - 02050(૪) PECO 3 SW-02049 આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન)ના પત્ર નં.સા.વે.(અઠવા)/આરટીઆઈ/૧૩૨૬ તા.૨૧–૨–૧૧ થી આપેલ માહિતી માંગ્યા મુજબ આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા પ્રમાણપત્ર ન હોય તો વિકલ્પે તેમાં સમાવિષ્ટ માહિતી, ઉતારો રજીસ્ટર પરથી આપી શકાય તેવા દફતરની હકીકત પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૧ તા.૧૫–૩–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં./૧૪૪૪ તા.૨૫–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં. /૧૩૨૬ તા.૨૧–૨–૧૧ ના પત્રની નકલ તથા તે મોકલ્યા અંગેની એક નોલેજમેન્ટ સ્લીપના પુરાવાની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૨–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ લાયસન્સ નંબરની વિગતો માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં./૧૩૨૬ તા.૨૧–૨–૧૧ ના પત્રથી " ગુમાસ્તાધારા તથા વ્યવસાયવેરા હેઠળ કરવામાં આવેલ નોંધણી પ્રમાણપત્રની મુળ નકલ સંસ્થાને માલિકને આપવામાં આવે છે જેની નકલ રાખવામાં આવતી ન હોય આપી શકાય એમ નથી. " તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે ૨ (એફ) મુજબની વ્યાખ્યામાં આ માહિતી આપવામાં આવતી નથી છતા પણ માહિતી આપવામાં આવતી નથી. તથા દુકાનદારો અને વ્યવસાય વેરો ભરતા નથી અને ખોટા નંબરવાળા નકલી સર્ટીફીકેટો દલાલોના સહકારથી બનાવ્યાની અરજદાર તરફથી રજૂઆત કરી તા.૭–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી નોંધણી પ્રમાણપત્રની મુળ નકલ સંસ્થાના માલિકને આપવામાં આવે છે જેની નકલ રાખવામાં આવતી ન હોય આપી શકાય નહીં એમ અરજદારને જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે મુજબ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારનો અપીલમાં અપીલ તબકકે ખોટા સર્ટીફીકેટોને લગતો તકરારી પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે જે અંગે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગત લાયસન્સ નંબરો અંગેના રજીસ્ટરોના દફતરની તપાસણી કરી જરૂર જણાયે ઉતારા મેળવી શકે . અથવા તેની પ્રમાણિત નકલ મેળવી શકે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે અપીલમાં ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે ખોટા નંબરોવાળા નકલી સર્ટીફીકેટ બાબતે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળ નંબરોવાળા પ્રમાણપત્રોના નોંધણી રજીસ્ટરોનું દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે અને ઉતારો પણ કરી શકે છે. અગર રજીસ્ટરની વિગતોની પ્રમાણિત નકલ મેળવી શકે છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી તથા પ્રમાણિત નકલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી દિનેશભાઈ સી. ઠકકર